સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ચૂંટણીના કુંડમાં ડૂબી અમે રંગમાં રહેશું!
બેફામ બનીને અમે, સત્તાના રંગમાં રહેશું!
ભંગ કરશું તમારા તમામ આનંદ-ઉત્સવો,
'પી'ને નિયમોની 'બાટલી' અમે રંગમાં રહેશું!
(વહી બેઢંગ રફતાર)

હાઈકુ

રમશું અમે,
'બિયર'થી, તમને
પાણીની મના!!
(અલગ માપદંડો)

છે છત્રછાયા!
અમને 'વિજય'ની -
તો ભય કેવો?!
(કરો 'ઉમંગ'ની હોળી)

ચિંતન

ઈચ્છન્તિ દેવા : સુન્વન્ત ન સ્વપ્નાય સ્પૃહાન્તિ ।
યન્તિ પ્રમાદમતન્દ્રાઃ ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

આળસુ લોકો હંમેશા દુઃખ પ્રાપ્ત કરે છે, એટલે આપણે બધાએ કર્મનિષ્ઠ અને ઉદ્યમી બનવું જોઈએ.

આ સંસાર યજ્ઞમય છે. અહીં દરેક માણસે દરેક પળે પોતાના શ્રમની આહુતિ આપવી પડે છે. આ કર્મનિષ્ઠ હોવાનું તાત્પર્ય છે. સંસારને ઉચ્ચ, સારો અને પવિત્ર બનાવવામાં જે કર્મો સહાયતા અને સહયોગ આપે છે તે શુભ કાર્ય છે. શ્રમ અને ઉદ્યમ કરવામાં જે આળસ કરે છે તેને પરમેશ્વર ચેતવણી આપે છે, દંડ પણ કરે છે. નિઃસ્વાર્થ ભાવથી શુભકર્મોમાં સતત લાગેલો હોય તે કર્મયોગી કહેવાય છે. આવા ગુણો ગીતાજીમાં 'દૈવી સંપદા' કહેવામાં આવેલ છે.

સંસારમાં જેટલા મહાપુરુઓષો થયા છે એમણે અસીમ કર્મઠતા અને નિષ્ઠાની સાથે પોતાના જીવનની એક એક પળ સમાજના ઉત્થાન માટે સમર્પિત કરી છે. એવા માણસોને આપણા જીવનના આદર્શ પુરુષ બનાવીને આપણે સંસારમાં સફળતા મેળવી શકીએ છીએ.

સુવિચાર

- જીવનની સુગંધ એની પાસે જ છે, જેને ખીલવવાની અને ખરવાની ક્ષણો વચ્ચે મહેંકવાનો ખ્યાલ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવનનો અર્થ 'જીવીને' અને સંબંધનો અર્થ સંબંધ 'નિભાવીને' જ મળે છે - **જીવનસૂત્ર**
- ભૂખ્યાને ભોજન, તરસ્યાં ને પાણી, બોલો મીઠી વાણી, પ્રભુ મળવાની નિશાની - **પ્રેમશંકર ભટ્ટ**
- સત્ય એ બોલનાર માટે અઘરું છે, સાંભળનાર માટે કડવું છે, સ્વીકારવું ખુબ મુશ્કેલ છે અને એટલે જ અતિમૂલ્ય છે - **બોધિવૃક્ષ**
- વહી હકદાર હૈ કિનારોં કે... જો બદલ દેં બહાવ ધારોં કે.... - **નિસાર ઈટાવી**
- સવાલ : જીવનાં યાદ રાખવા જેવું સૂત્ર?? જવાબ : શુભ વિચારોનું આયુષ્ય ટૂંકું હોય છે. રવાના થઈ જાય એ પહેલાં અમલી બનાવી દેવા - **પૂજ્ય વિજયરત્ન સુંદરસૂરિજી**
- આજનું ઔષધ : મંજિષ્ઠા ચૂર્ણ સાથે ચંદન પાઉડર સરખા ભાગે મિક્સ કરી બે ગ્રામ સેવન કરવાથી બહેનોની માસિક સમસ્યામાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક ગરીબ માછીમાર હતો એ રોજ પાદરે વહેતી નદીમાં માછલીઓ પકડવા જતો અને એમાંથી એનું ગુજરાત ચલાવતો. કંઈ ખાસ કમાણી ન હતી પણ તે ધંધો બદલવા તૈયાર ન હતો. એક દિવસ એણે નદી કિનારે રેશમી વસ્ત્રો અને સોનાના આભૂષણોથી સજ્જ દેવદૂત જોયો. માછીમારે તેને પૂછયું, 'તમે કોણ છો?' દેવદૂતે કહ્યું, 'ભાઈ, હું દેવદૂત છું, સ્વર્ગમાંથી આવું છું.' માછીમારે પૂછ્યું, 'સ્વર્ગ ? એ વળી કઈ બલાનું નામ છે.' દેવદૂત હસ્યો, 'અરે, ભોળા પૃથ્વીવાસી, તને સ્વર્ગ શું છે તે પણ ખબર નથી? સ્વર્ગ એટલે એવી જગ્યા કે જયાં હંમેશા સુખ હોય છે.' માછીમારે વળી આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું, 'મારે એવી ખબર રાખવાની જરૂર શું છે?' માછીમારની વાત સાંભળી દેવદૂતે એને સ્વર્ગનું વર્ણન કર્યું. સ્વર્ગમાં તો સુંદર લોકો હોય, સુંદર ફુલોની મધમધતા બગીચા, સાત્વિક ભોજન, ક્યાંક દુઃખનું નામ ન હોય બસ.... સુખ સુખ અને સુખ જ હોય...' માછીમારે કહ્યું, 'આ બધું છોડો, મને એટલું કહો કે ત્યાં નદી હોય? એમાં માછલી હોય ? માછલી પકડવાની છૂટ હોય ?' દેવદૂતે કહ્યું, 'માછલીઓ તો હોય પણ એને પકડી કે મારી ના શકાય.' માછીમાર નદીમાં જાળ પાથરતા બોલ્યો, 'તો મારે સ્વર્ગનું કોઈ કામ નથી, મારે માછલીઓ વગર ન ચાલે.' સાર એ છે કે આપણે પત્ર માછલીરુપી ક્ષણિક સુખમાં ખોવાઈ જઈએ છીએ. અને સ્વર્ગ સમા શાશ્વત અને સાચા સુખની અવગણના કરીએ છીએ. જો આપણે સાચા શાશ્વત સુખનું ધ્યેય રાખીને જીવીશું તો સ્વર્ગ જેવં સુખ પામીશું.

નેતાઓના નિવેદનો જ પ્રચારના મુદ્દા



તંત્રીસ્થાનેથી...

કયારેક નેતાઓને એમના જ શબ્દો બૂમરેંગ થઈને પડકારતા હોય છે. હમણાં કેટલાંક રાજયોની વિધાનસભાની ચાલી રહેલી ચૂંટણી દરમિયાન આવાં મનોરંજક ગતકડાં સામે આવ્યાં છે. વળી પાર્ટી બદલ્યા પછી બદલાઈ જતી નેતાઓની ભાષા અને જયોતિરાદિત્ય સિંધિયા જેવા આશાસ્પદ નેતાની નવી ઈનિંગ્સમાં જોવા મળી રહી છે. અદલ એ જ શબ્દો જે તેઓએ એકાદ વરસ અગાઉ ભારતીય જનતા પાર્ટી માટે વાપર્યા હતા તે હવે કોંગ્રેસની વિરુદ્ધ વાપરવામાં એમને નથી તો કોઈ નૈતિક મૂલ્યો નડતાં કે નથી આત્માનો અવાજ અડચણ ઊભી કરતો. તેઓ મોંઘવારીનું ખુલ્લું સમર્થન કરી શકે છે! પશ્ચિમ બંગાળ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ તૃણમૂલ સુપ્રીમો અને મુખ્યમંત્રી મમતા બેનરજીને સાડીને બદલે બરમૂડો પહેરવાની સલાહ આપી શકે છે. જો કે એમને પાર્ટીના કાર્યકરો અને રેલીમાં ઉપસ્થિત પ્રજાના મનોરંજન ખાતર જ આ હળવી ટકોર કરી હશે, પણ હવે તે મમતાના ભાથાનું તીર બનીને ભારતીય જનતા પાર્ટીને જ ઘાયલ કરી રહ્યું છે. મમતા બેનરજીને પગ પર કહેવાતી ઈજા થઈ હતી અને એથી પ્લાસ્ટર આપવું પડ્યું છે. પ્લાસ્ટરવાળા પગે, વ્હીલચેરમાં બેસી મમતા દીદીએ એમનું પ્રચારકાર્ય ચાલુ રાખ્યું છે. તેઓ જનમેદનીને ખાતરી થાય એની સહાનુભૂતિ સાંપડે એવા સ્પષ્ટ આશયથી પ્લાસ્ટરવાળા પગે સાડીનો છેડો ઊંચો ખેંચીને બેસે છે. આથી ભાજપના પ્રદેશ પ્રમુખને મજાક કરવાનો મોકો મળી ગયો. 'સાડી પહેરવાની આ પણ જબરી રીત છે!' - એમ કહી તેઓએ કટાક્ષ કર્યો કે એ કરતાં મમતા દીદીએ બરમૂડો પહેરીને પ્રચારમાં નીકળવું જોઈતું હતું. બંગાળમાં મહિલાઓને અત્યંત સમ્માનની નજરે જોવામાં આવે છે. નાની છોકરી હોય તો પણ એને 'મા' કહે બોલાવવામાં આવે છે. મૂળે આ દુર્ગાને પૂજતો પ્રદેશ છે. માતૃશક્તિનો મહિના કરનારી પ્રજા મમતા દીદીની આવી ક્રૂર મજાક સહન કરશે કે કેમ તે સવાલ છે. સામે ચાલીને પ્રદેશ ભાજપ પ્રમુખે તૃણમૂલ કોંગ્રેસને મુદ્દો આપી દીધો છે. મમતાએ વર્ષો પહેલાં મોદીએ દરેક મતદાતાના ખાતામાં પંદર લાખ જમા થઈ જશે એવી વાત કરેલી. દેશનું કાળું નાણું પાછું લાવી વહેંચી લેવાની બાબત હતી! પાછળથી અમિત શાહે એને 'ચુનાવી જુમલો' કહી હળવેથી હસી નાખેલી. મમતા આ બેઉ નેતાઓને જુઠ્ઠાણાં ચલાવનારા ગુજરાતીઓ કહી એમનાં ચૂંટણી વચનો પર વિશ્વાસ નહીં કરવાની અપીલ કરતાં ફરે છે. કેરળના આ વરિષ્ઠ ભાજપ નેતાએ પણ વાત વાતમાં એવો ભાંગરો વાટી નાખ્યો છે કે એથી પાર્ટી રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગઈ છે. એક અંગ્રેજી અખબારને આપેલી મુલાકાતમાં ભાજપના નેતા ઓ. રાજાગોપાલને પ્રશ્ન કરાયો કે હરિયાણા અને ત્રિપુરા જેવાં રાજયોમાં ભાજપ વર્ષોથી સત્તા પર નહોતું આવી શકતું પણ ત્યાં એણે સત્તા કબજે કરી છે; પશ્ચિમ બંગાઓળમાં પણ થોડા જ વખતમાં કાઠું કાઢ્યું છે, તો કેરળમાં એને કેમ તકલીફ પડે છે? રાજગોપાલે કહ્યું કે કેરળનો સાક્ષરતા દર ૯૦ ટકા છે; અહીંની પ્રજા તાર્કિક રીતે વિચારે છે. વળી અહીં લઘુમતીના મતદારો ૪૫ ટકા જેટલા છે... બસ, આ નિવેદન શશી થરૂરથી લઈ અન્ય ઘણા નેતાઓ માટે ચૂંટણી પ્રચારનો સરસ મુદ્દો બની ગયું છે. ભાજપને તાર્કિ રીતે વિચારતા ભણેલા ગણેલા મતદારો અને લઘુમતી સમુદાય સ્વીકારતા નથી, એવું સ્ટેટમેન્ટ ખુદ ઓ. રાજગોપાલ જેવા ભાજપના સિનિયર નેતા કહેતા હોય તો પછી વિપક્ષી નેતાઓને બીજું કશું કહેવાની જરૂર ખરી? ચૂંટણી સમયે નેતાઓની જીભ લપસતી હોય છે એ વળી જુદો જ મુદ્દો છે. પક્ષપલટો કરીને ભાજપનો ખેસ ધારણ કરનાર ગુજરાતી નેતા પ્રચાર દરમિયાન જૂની ટેવ મુજબ પંજાને મત આપવાની અપીલ કરી બેઠા હોય એવા પ્રસંગો નોંધાયેલા છે!

જન્મે રાક્ષસી, કર્મે દેવી

અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

એનું નામ સિંહિકા. પણ લોકો એને હોલિકા તરીકે ઓળખે. ઋષિ કશ્યપ અને દીતીની આ દીકરી. હિરણ્યક શિપુ અને હિરણ્યાક્ષની નાની બહેન.

પરંતુ સ્વભાવે અને કર્મે બંને ભાઈઓથી એકદમ જુદી - સદાચારી, ધાર્મિક, સાત્ત્વિક. દેવોની ઉપાસક. ભગવાન શિવે એને વરદાન આપ્યું હતું. (૧) એ દિવસે નહિ મરે, રાતે નહિ મારે. (૨) એ શસ્ત્રથી નહિ મરે. અસ્ત્રથી નહિ મરે. (૩) એ બિમારીથી નહિ મરે. અગ્નિદેવે એને વસ્ત્ર આપ્યું હતું. એ ઓઢી લે, તો ઝાલ ન લાગે.

હિરણ્યાક્ષ સંગ્રામમાં ખપી ગયો.

હિરણ્યકશિપુની પત્નીનું નામ કયાધુ હતું. એમને પુત્ર જન્મ્યો એનું નામ પ્રહલાદ્ હતું. પુત્રજન્મનો આનંદ અસુરરાજને લાંબો ન રહ્યો. વધુ સમય ન રહ્યો. પોતાને ભગવાન વિષ્ણુ સાથે પૂર્વજન્મનું વેર હતું. ત્યારથી દેવર્ષિ નારદે તેનામાં વિષ્ણુ ભક્તિના સંસ્કાર રોપ્યા હતા.

રાજાએ પ્રહલાદને અનેક રીતે સમજાવ્યો. ધમકાવ્યો. પરંતુ એ ભક્તિને માર્ગેથી સહેજ પણ ખસ્યો નહિ. રાજાને પણ હવે ખાતરી થઈ ગઈ. એટલે એનામાં એણે શત્રુભાવ જોયો. એ એને મારી નાખવાનાં કાવતરાં કરવા લાગ્યો. પરંતુ એના દરેકે દરેક પ્રયત્ન નિષ્ફળ જતા હતા.

હોલિકાને તો ખબર જ હતી. 'પ્રહલાદને કશું થવાનું નથી' કંટાળીને, હિરણ્યકશિપુ અંતે પોતાની આ બહેન પાસે આવ્યો. પોતાને મદદ કરવા જણાવ્યું. હોલિકાએ સ્પષ્ટ પણે ના પાડી દીધી... 'પ્રહ્લાદને મારી નાખવામાં સાથ નહિ આપે.' પરંતુ રાજા સતત આગ્રહ કરવા લાગ્યો. હોલિકા એ વિચાર્યું - 'આ જડ છે, માનશે નહિં, મને હેરાન કરશે. જે દીકરાને ન છોડે, એ બહેનને છોડે?'

એણે ભાઈને કહ્યું, 'ભલે, કાલે ફાગણ સુદ પૂનમ છે. સાંજે પ્રહલાદને મારી પાસે લાવજો. હું ચિતા તૈયાર રાખીશ. પ્રહ્લાદને ખોળામાં રાખીને બેસી જઈશ. તમે અગ્નિ પ્રગટાવજો. પ્રહલાદ બળી જશે. મને કશું નહિં થાય. નગરજનોમાં હાહાકાર છવાઈ ગયો.' લોકો પોતાના ઘરોમાં અગ્નિ પ્રગટાવે, અને પ્રાર્થના કરે - 'પ્રહલાદને કશું ન થવું જોઈએ.'

રાજા બીજે દિવસે આવી ગયો. હોલિકાએ પોતાના મહેલનાં પ્રાંગણમાં ચિતા તૈયાર રાખી હતી. એ બેસી ગઈ. સ્નેહપૂર્વક પ્રહલાદને ખોળામાં લીધો. અગ્નિદેવને પ્રાર્થના સાથે પ્રણામ કર્યા. રાજાએ મસાલથી ચિતા પ્રજ્જવલિત કરી.

હોલિકા બળી ગઈ. પ્રહલાદ બહાર આવી ગયો.

હોલિકાએ આ કર્યું - (૧) સમય સાંજનો આપ્યો - નહિ દિવસ, નહિ રાત. (૨) મરવા માટે અગ્નિદેવ પસંદ કર્યા - ન શસ્ત્ર, ન અસ્ત્ર. ના બિમારી.

આત્મસમર્પણની આ અપ્રગટ કથા લોકોએ યાદ રાખી ફાગણ સુદ પૂનમે સાંજે અગ્નિ પ્રગટે,એ હોળી અથવા હોલિકા. એની પ્રદક્ષિણા કરવાની. એ વખતે મંત્ર બોલવાનો - હોલિકાયૈ નમઃ

આમ કરવાથી 'પછી સમગ્ર વર્ષ સુખ અને શાંતિમાં વીતે' એવા આ દેવીના આશીર્વાદ પ્રાપ્ત થાય.

કઈ રચનાને ગુજરાતી ગીતાંજલિ કહેવામાં આવે છે?

ખજાનો

અનિલ પટેલ

ગુજરાતી સાહિત્ય

૧ લોહીની સગાઈ નવલિકાના લેખક કોણ છે?
(અ) ઈશ્વર પેટલીકર (બ) પીતાંબર પટેલ
(ક) પન્નાલાલ પટેલ (ડ) રઘુવીર ચૌધરી

૨ અમૃતા નવલકથાના સર્જક કોણ છે ?
(અ) પીતાંબર પટેલ (બ) વર્ષા અડાલજા
(ક) રઘુવીર ચૌધરી (ડ) કુંદનિકા કાપડિયા

૩ 'અવળવાણિયા' કે કયા સાહિત્યકારનું ઉપનામ છે?
(અ) બકુલ ત્રિપાઠી (બ) જયોતિન્દ્ર દવે
(ક) અશોક દવે (ડ) રતિલાલ બોરીસાગર

૪ 'સૌંદર્યોથી, ઉરઝરણ ગાશે પછી આપમેળે' ઉક્તિના કવિ કોણ છે ?
(અ) નવટરલાલ પંડ્યા (બ) નરસિંહરાવ દિવેટીયા
(ક) ઉમાશંકર જોષી (ડ) ચુનીલાલ મડિયા

૫ 'હંસાઉલી' ના રચિયતા કોણ છે ?
(અ) જીવરામ જોષી (બ) બ્રહ્માનંદ
(ક) પ્રીતમદાસ (ડ) અસાઈત

૬ 'શિર સાટે નટવરને વરિએ' પદના રચયિતા કોણ છે ?
(અ) બ્રહ્માનંદ (બ) પ્રીતમદાસ
(ક) ભાલણ (ડ) શ્રીધર વ્યાસ

૭ 'જાત્રાળુ' કયા સાહિત્યકારનું શરુઆતનું ઉપનામ છે ?
(અ) બાલાભાઈ દેસાઈ (બ) ચુનિલાલ શાહ
(ક) જીવનરામ જોશી (ડ) રા.વિ. પાઠક

૮ 'હરિનો મારગ છે શૂરાનો'ના કવિ કોણ છે?
(અ) બાબા આનંદ (બ) નરસિંહ મહેતા
(ક) પ્રીતમદાસ (ડ) મીરાંબાઈ

૯ 'હૃદયવીણાં'ના કવિ કોણ છે ?
(અ) નરસિંહરાવ દિવેટીયા (બ) બ.ક. ઠાકોર
(ક) સ્વામી સચ્ચિદાનંદ (ડ) નટવરલાલ પંડ્યા

૧૦ 'બક્ષિણ લક્ષણા' કોની કૃતિ છે ?
(અ) જયોતિન્દ્ર દવે (બ) બકુલ ત્રિપાઠી
(ક) વિનોદ ભટ્ટ (ડ) રાજેન્દ્ર શાહ

૧૧ 'જયભિખ્ખુ' કયા સાહિત્યકારનું ઉપનામ છે ?
(અ) બાલાભાઈ દેસાઈ (બ) ઈન્દુલાલ ગાંધી
(ક) મકરંદ દવે (ડ) ગુણવંત શાહ

૧૨ 'આંધળી માનો કાગળ' ના કવિ કોણ છે ?
(અ) કિશનસિંહ ચાવડા (બ) કવિ 'મરીઝ'
(ક) ઈન્દુલાલ ગાંધી (ડ) સુરેશ જોષી

૧૩ 'અડુકિયો દડુકિયો' ના સર્જક કોણ છે ?
(અ) જીવરામ જોષી (બ) ચુનીલાલ શાહ
(ક) જયોતિન્દ્ર દવે (ડ) અનંતરાય રાવલ

૧૪ કઈ રચનાને ગુજરાતી ગીતાંજલિ કહેવામાં આવે છે?
(અ) ભગવાન કૌટિલ્ય (બ) કૃષ્ણનું જીવન સંગીત
(ક) દાણલીલા (ડ) વ્યાકુલ વૈષ્ણવ

૧૫ જીગર અને અમી કયા સાહિત્યકારની રચના છે ?
(અ) ચુનિલાલ શાહ (બ) ફાધર વાલેસ
(ક) કિશનસિંહ ચાવડા (ડ) નિરંજન ત્રિવેદી

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- ૨૬ માર્ચ :
  - ઉત્તમ ઉર્મિ કવિ ન્હાનાલાલની જન્મજયંતિ (૧૮૭૭)
  - અમેરિકન રાષ્ટ્રપ્રમુખ જીમી કાર્ટની મધ્યસ્થતા વચ્ચે ઈઝરાયલ અને ઈજિપ્ત વચ્ચે શાંતિ કરાર થયા (૧૯૭૮)
  - અમેરિકાના પ્રથમ ઉપ રાષ્ટ્રપ્રમુખ તરીકે નિયુક્ત થયેલ ડેમોકેટીક પાર્ટીના મહિલા રાજનેતા ગેરેલ્ડાઈન ફેરારોનું અવસાન (૨૦૧૧)
  - રશિયન ઈન્ટેલિજન્સ ઓફિસર અને પોલિટિશનય વાલ્ડમીર પુતિન રશિયાના પ્રમુખ તરીકે ચૂંટાયા (૨૦૦૦)
- ૨૭ માર્ચ :
  - સાહિત્યકાર જોસેફ મેકવાનનું નિધન (૨૦૧૦)
  - અભિનેત્રી પ્રિયા રાજવંશનું અવસાન (૨૦૦૦)
  - ગ્રેટ બ્રિટન અને આયર્લેન્ડના પ્રથમ ચાર્લ્સ જેમ્સ પ્રથમનું નિધન (૧૬૨૫)
  - અમેરિકન ફૂડ અને ડ્રગ વિભાગે વાયગ્રા ડ્રગને એરસ્ટાઈલ ડાયફન્કસ ટ્રીટમેન્ટ માટે માન્યતા આપી. (૧૯૯૮)
- ૨૮ માર્ચ :
  - જનસત્તાના પૂર્વ તંત્રી અને સાહિત્યકાર વાસુદેવ મહેતાનો જન્મદિવસ (૧૯૧૭)
  - રશિયન સાહિત્યકાર મેક્સિગોર્કીનો જન્મદિવસ (૧૮૬૮)
  - બ્રિટીશ મહિલા સાહિત્યકાર વિર્ગીનિયા વુલ્ફનો જન્મદિવસ (૧૮૮૨)
  - પેરુ દેશના નોબેલ પારિતોષિક વિજેતા સાહિત્યકાર મારિયો વર્ગીસ લિયોસાનો જન્મદિવસ (૧૯૩૬)
- ૨૯ માર્ચ :
  - અંગ્રેજોએ પંજાબ પર કબજો મેળવ્યો (૧૮૪૯)
  - ફ્રેન્ચના મશહૂર ફિલ્મ મેકટર એગ્નેશ વાર્દાનું અવસાન (૨૦૧૯)
  - બ્રિટનના પૂર્વ પ્રાઈમ મિનિસ્ટર જહોન મેજરનો જન્મદિવસ (૧૯૪૩)
  - જર્મન ખગોળશાસ્ત્રી વિલિયમ ઓલ્બર્સે ખૂબ જ પ્રકાશિત લઘુગ્રહ વેસ્ટાને શોધી કાઢ્યો (૧૮૦૭)
- ૩૦ માર્ચ :
  - ધર્મ દ્વારા રાષ્ટ્રભાવના કેળવનાર સ્વામી શ્રદ્ધાનંદનો જન્મદિવસ (૧૮૫૬)
  - પ્રખ્યાત ગીતકાર આનંદ બક્ષીનું નિધન (૨૦૦૨)
  - યુકેના મહારાણી એલિઝાબેથ ૧૦૧ વર્ષની વયે અવસાન (૨૦૦૨)
  - ફ્રેન્ચ - કેનેડિયન પોપ સિંગર કેલિયન ડિયોનનો જન્મદિવસ (૧૯૬૮)
- ૩૧ માર્ચ :
  - ચેસની રમતમાં ભારતમાં સૌથી યુવાન ગ્રાન્ડ માસ્ટર બનેલ કોનેરુ હમ્પીનો જન્મદિવસ (૧૯૮૭)
  - પૂજ્ય બાપુના અનુયાસી એવા ડૉ. હરિપ્રસાદ દેસાઈનું નિધન (૧૯૫૦)
  - વિશ્વની અજાયબીઓમાંનું એક પેરિસમાં આવેલ એફીલ ટાવરનું ઉદ્ઘાટન થયું (૧૮૮૯)
  - ફ્રેન્ચ મેથેમેટીશીયિન અને સાયન્ટીસ્ટ, ફિલોસોફર રેને ડિસ્કાર્ટસનો જન્મદિવસ (૧૫૯૬)
- ૧લી એપ્રિલ : એપ્રિલ ફુલ ડે / વાયુ સેના દિવસ
  - આણંદ ખાતે દૂધની બનાવટોનું વેચાણ શરુ થયું (૧૯૭૪)
  - ઉપરાષ્ટ્રપતિ હામિદ અંસારીનો જન્મદિવસ (૧૯૩૭)
  - દેશભરમાં દશાંશ તોલમાપ ફરજિયાત થયાં (૧૯૬૨)
  - બાળક માટે શિક્ષણને મૂળભૂત અધિકાર ગણતા કાયદાનો અમલ (૨૦૧૦)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

નંદીગ્રામ મત વિસ્તારમાં મમતા બેનર્જી સામે ભાજપના કયા ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા છે? જવાબ : શુભેન્દુ અધિકારી

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા.કૉલેજ (૪) ઋજિત રાવલ : સે-૭ડી (૫) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૬) પંકજ આર પટેલ : કુડાસણ (૭) મીત પી પટેલ : સે-૨૩

આ સપ્તાહનો સવાલ

મુંબઈ પોલીસ કમિશનર તરીકે જેમને હટાવવામાં આવ્યા, અને જેઓ આજકાલ ખુબ વિવાદમાં છે તેમનું નામ શું?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

'વેલકમ' હોળી-ધૂળેટી : રંગ નહીં તો રંગભરી બાતેં સહીં

હળવે હૈયે

પ્રકાશ લાલા

'બુરા ના માનો હોલી હૈ....' કહીને એકબીજાને રંગી નાખવાનો તહેવાર દૂર નથી પણ આ વર્ષે તેની કલરફુલ ઊજવણીને કોરોના નડ્યો છે. સાવચેતીરુપે બહાર પડાયેલા સરકારી ફરમાન મુજબ આપણાથી હોળી-ધૂળેટીમાં ભેગાં નહીં થઈ શકાય - રંગે નહીં રમી શકાય. આ તહેવારમાં આપણને 'રંગ'ને બદલે એ ફિક્કો ફસ્સ રહેવાનો 'રંજ' જરૂર જોવા મળશે. પરંતુ 'જાન હે તો જહાન હૈ' એ સૂત્ર પણ ના ભૂલવું જોઈએ ને!

અલબત્ત, કોરોનાની પરવા ન કરનારા, સરકારી આદેશોનો ભંગ કરવામાં જ 'બહાદુરી' માનનારા અને 'મારી બેદરકારી મારા પરિવારજડોને કે અડોશી પડોશીઓ કે અન્ય માટે જોખમરુપ બનશે.' તેવો લેશમાત્ર વિચાર ન કરનારા તો 'હોળી-ધૂળેટી' એ જ રીતે ઊજવવાના... રંગવા ને રંગાવા ટોળાબંધ નીકળી પડવાના જોજો ને! અને સાહેબ, શું તંત્રની સૂચનાને અવગણીને આ લોકો નીકળી પડે એમાં નવાઈ પણ શું? કેમ કે જો આદેશ બજાવનારા, નિયમો ઘડનારા જ એનું પાલન કરતા ના જોવા મળે તો પછી પ્રજા શું ધડો લેવાની? નેતાજીઓની ચૂંટણી રેલીઓ - સભાઓમાં, એમની નજર સામે જ માસ્ક, દો ગજ કી દૂરી વગેરેનાં ધજાગરા ઊડતા હોય ને છતાં એમને એ દેખાતું ન હોય કે પછી એમને એને, ઈરાદાપૂર્વક 'ન દેખ્યું' કરવું હોય તો એમની તમામ સલાહ 'ડાહી સાસરે ના જાય અને ગાંડીને શિખામણ આપે' જ બની રહેને! આને 'દીવા સામે જ અંધારું' એમ કહેવાય ખરું?

છોડો એ બધું.... રંગ, ઉલ્લાસ, પ્રેમ-ભાઈચારા, મોજ-મસ્તીના આપણા તહેવારના માહોલમાં હોળી - ધૂળેટીની વાતો કરતાં આવી ભારેખમ વાતો 'હળવે હૈયે'માં શું કામ કરવી,હેં?

પ્રહલાદને હોલિકાની કથાવાળો પ્રાચીન હિંદુ તહેવાર અનિષ્ઠ ઉપર ઈસ્ટના વિજયનો તહેવાર છે. એને 'ફેસ્ટિવલ ઓફ કલર' 'ફેસ્ટિવલ ઓફ લવ' પણ કહે છે. એ શ્રી રાધાકૃષ્ણના શાશ્વત અને દિવ્ય પ્રેમના ઉત્સવનું પર્વ છે... આ દિવસો સૌ જૂનાં વેરઝેર, મનદુઃખ - વિખવાદો ભૂલી, પરસ્પર હળી મળીને આનંદ - ઉત્સાહથી ઊજવે છે. ધોળી - ધૂળેટી પર શ્રી રાધાજીના પિયરના ગામ બરસાના અને આખા વ્રજ મંડળમાં 'લઠ્ઠમાર' અને 'લઠ્ઠમાર' હોળી મનાવાય છે તો રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, પંજાબમાં રંગ ગુલાલની છોળો ને પિચકારીઓની 'સરરર...' સાથે હાસ્ય કવિ સંમેલનો, જોક્સ કથનના ને 'મૂર્ખ શિરોમણી એવોર્ડ' જેવા કાર્યક્રમોનાં આયોજન થકી વાતાવરણને હાસ્ય, ખુશીથી ભરી દેવામાં આવે છે... પરિવારો, સ્વજનો, અડોશી-પડોશીઓ સાથે મળી રંગે રમે છે ને પછી સહભોજનની મજા લૂટે છે.

તો આવો, આજે આપણેય થોડી શેરો-શાયરી, થોડી રમૂજો માણી, બે દિવસ પછી આવનારા રંગોના ઉત્સવો એવા રંગીનને મોજીલા મૂડ સાથે 'વેલકમ' કરીએ.

પહેલે અર્જ હૈ કુછ શાયરી....

'તુને કિયા ન યાદ કભી ભૂલકર હમે,
હમને તુમ્હારી યાદમેં સબકુછ ભૂલા દિયા.'

●●●

જો કહા મેં ને કિ 'પ્યાર આતા હૈ તુમ પરં'
હંસ કે કહને લગે 'ઓર આપગકો આતા કયા હૈં ?'

●●●

'ખુદા કી કસમ ઉસને જો ખાઈ આજ,
કસમ સે ખુદા કી બડા મજા આ ગયા.'

અને વન મોર :

'આપ કો જાતે હુએ દેખ કે
સંભલેગા ન દિલ,
ઈસકો બાતો મેં લગા લૂં
તો ચલે જાઈએગા...'

ઔર અબ ચંદ ચુટકુલે ભી :

એક સન્નારીએ શક્તિવર્ધક દવાઓ બનાવતી કંપનીને એક પ્રમાણપત્ર લખી મોકલ્યું એમાં તેણીએ લખ્યું હતું : 'તમારું ટોનિક ખરેખર ખૂબ જ અસરકારક છે. હું તે નહોતી લેતી ત્યારે એટલી બધી અશક્ત હતી કે મારા નાના બાબાને એક ધોલ પર નહોતી મારી શકતી. પરંતુ તમારી કંપનીની બનાવેલી શક્તિવર્ધક દવા પછી મારામાં એટલી બધી સ્ફૂર્તિ ને શક્તિ આવી ગઈ છે કે હવે હું મારાં બધાં ઘરકામ ઝડપથી કરી શકવા સાથે મારા પતિદેવને ખૂબ આસાનીથી ધમકાવી શકું છું...' લો, કરો વાત!! એક ફ્રેન્ચ પંડિતને એકવાર રાજદરબારમાં એક સ્ત્રીએ સવાલ કર્યો : 'ઘડિયાળ અને સ્ત્રી, એ બેમાં ફેર શો?' પંડિતે ઉત્તર આપ્યો : 'ઘડિયાળ સાથે હોય તો સમયનું ભાન રહે ને પણ સ્ત્રી સાથે હોય તો કાળનું ભાન રહેતું નથી!!'

●●●

પત્નીએ પતિને પૂછ્યું : 'આપણાં લગ્ન પહેલાં તમે મને કહેતા કે તું તો સરસ ફિલ્મ જેવી છે ને હવે...'
'હા, પણ ત્યારે તું મૂંગી ફિલ્મ જેવી હતી એટલે...' પતિદેવે સ્પષ્ટતા કરી.

●●●

પ્રેમીએ કહ્યું કે 'આ દુનિયામાં હું બે વ્યક્તિઓને ખરા દિલથી ચાહું છું.' તો પ્રેમિકા ગુસ્સાથી બોલી ઊઠી! 'બીજી કોણ છે?' આ સાથે સૌને 'હેપ્પી હોલી...એન્ડ વીશ યુ (મનની મોજના કલરવાળી) કલરફૂલ ધૂળેટી...'